
Trust Reg. No. F-218 (Dt. 01-10-1976)
Licence No. : GB 15

# RAKTADAN

OFFICIAL QUARTERLY MAGAZINE OF
SURAT RAKTADAN KENDRA & RESEARCH CENTRE
(NABH Accredited Regional Blood Transfusion Centre)

**Volume XXIX, No. 3, July 2018**




## Surat Raktadan Kendra & Research Centre

NABH Accredited

**Regional Blood Transfusion Centre**

| | | |
|---|---|---|
| SMT. SHANTABEN NANUBHAI VIDIYA BLOOD BANK | DR. JAYA & DR. HARIVADAN SHAH ACADEMIC WING | LAXMIPATI SAREES STEMCELL BANK |
| COLOURTEX INDUSTRIES PVT. LTD. CELL BIOLOGY AND REGENERATIVE MEDICINE | MATUSHRI SHANTABA VIDIYA & MATUSHRI RAMUBA TEJANI MOLECULAR BIOLOGY RESEARCH & DEVELOPMENT | : Courtesy : SURAT MUNICIPAL CORPORATION |




**Publisher**
**Surat Raktadan Kendra & Research Centre**
1st Floor, Khatodara Health Centre,
Near Chosath Joganio Mata's Temple,
Udhna Magdalla Road, Surat - 395 002.
Tel. No. : (0261) 2630114, 2635532-34, Fax No. : (0261) 2635535
E-mail: srkrc2008@gmail.com Website : www.srkrc.org


*For private circulation only.*

Printed by : Bright Printers. Ph. : 2591536 E-mail : brightprinters2010@gmail.com

**EDITORIAL BOARD**

**Chairman** : Dr. P. K. Desai
**Vice Chairman** : Dr. V. H. Shah
**Editor** : Dr. Pradeep Pethe
**Sub Editor** : Dr. Kiran Shah
: Prof. (Dr.) K. Ghosh
**Members** : Dr. Pranav Desai
: Dr. Salil Vaniawala
: Dr. Narendra V. Vasavada
: Er. Parimal K. Vyas

# Editorial



Hello Readers,

Greetings from SRKRC.

The long awaited monsoon, though slightly delayed, is here. Most parts of the country have received adequate rains and according to official sources, the deficit so far is around 3%. Some of the areas have received torrential rain causing wide spread damage in those areas. Rains also bring in a plethora of seasonal infectious diseases which put a burden on the health care system. It, therefore, also affects blood transfusion services-specially, it calls for better vigilance in testing the blood received from donors for presence of transmittable infectious diseases. Hence, the role of Haemovigilance can not be underplayed.

Hemovigilance is defined as a set of surveillance procedures covering the whole transfusion chain from the collection of blood and its components to the follow up of its recipients. The first step in reducing the risk of transmission of infectious diseases through blood is to select voluntary non-remunerated donors from low-risk populations who give blood on a regular basis as these individuals are at a lower risk of transmitting transfusion-transmissible infections than are family/replacement donors, or paid donors. Therefore, rigorous screening of all donated blood is required to ensure the safety of the blood supply.

WHO recommends for the safe and rational use of blood to reduce unnecessary and unsafe transfusions and to improve patient outcomes and safety, thus minimizing the risk of adverse events including errors, transfusion reactions and transmission of infections. All patients requiring transfusion should have reliable access to safe blood products, including whole blood and blood components appropriate to their clinical needs, provided in time and safely administered. This puts the onus squarely on the health-care system including health- care providers.


The strategies to achieve this goal include prevention, early diagnosis and effective treatment of conditions, through health promotion, disease control and screening for early detection, that could result in the need for transfusion, Optimal patient management and rational use of blood products and Safe clinical transfusion processes for ensuring patient safety.

SRKRC fulfils its commitments to ensure availability of safe blood for transfusion for the people of Surat and the adjoining districts. The untiring efforts of our camp organisers and our diligent staff in keeping with the policies adopted by us ensures 100% voluntary donations, conforming to the strict standards of blood collection, testing and storage.

Let us all join hands to continue providing safe blood to those in need and contribute to the better health of our fellow citizens.

**Dr. Pradeep Pethe**
**-EDITOR**





# From President's Desk

As usual this year also World Blood Donor Day was celebrated on 14th June 2018, birth day of Carl Landsteiner. The theme of WBDD 2018 was " Be there for someone else, Give Blood and Share LIFE " and slogan of 2018 was " Blood Donation is the act of solidarity ".

This event is a tribute to voluntary and non-remunerated blood donors for their selfless gift of life saving blood to help needy patients. Aim of such celebration every year is to increase awareness and increase the flow of voluntary blood as it is safer than one donated by replacement or professional donors. From 2005 onwards Surat Raktadan Kendra is the only blood bank which is hundred percent voluntary blood bank in whole of western India. But in our country many blood banks are still dependent on replacement donors. It is well documented that voluntary blood is always safer than replacement donor.

Questions are raised at times, why patients are charged for blood product when it is collected from voluntary non-remunerated donor? Why voluntary blood donor is not given free blood when required for a friend or relative? Most blood banks give some concession when blood donor card is presented. However it is not possible to give free blood to everyone. Blood is collected in blood donation camps and in blood bank by qualified and trained technologists under supervision of qualified doctors. After collection blood is tested and processed for various blood products and has to be stored in appropriate condition. Patients has to pay service charge for the collection, laboratory tests, processing and storage of blood products. This requires a infrastructure maintained by trained and qualified technologists and medical personnels as per guidelines laid down by the government FDA and NACO. Service charges are decided by government and no blood bank can charge above that.

It is our policy to give free blood components to patients of Thalassemia, Sickle Cell Disease, Hemophilia and other hereditary bleeding disorders for last so many years. Now government has also made it mandatory for all blood banks. Besides this we also give free blood to many poor and needy patients of civil and municipal hospitals. About fifteen to twenty percent of blood products are distributed free every year. This is possible because of relentless efforts of camp organisers, member of motivation committee and our voluntary non-remunerated selfless blood donors and philanthropic financial donors of our city.

Blood components are processed to make them safe and effective. It is our endeavour to supply safe and appropriate blood products to hospitals so that needy patients get them during medical, surgical and obstetric emergencies. Blood is a life saving human product and it has to be utilised judiciously to save the life. However every year about 5 to 10 percent of blood products cannot be utilised when infected by viruses like HIV, hepatitis or malarial parasites or bacteria. Some times red cells are haemolysed or expires after due dates. Platelets expires after 5-7 days of storage and red cells can't be used after 35 days. Very recently government has amended the rule so that blood bank with surplus blood can pass on excess blood to other blood banks and this will prevent wastage of blood products to certain extent. Blood not used is disposed off as a biomedical waste as per government norms. Excess Plasma not used after one year is supplied to pharmaceutical companies for manufacture of Albumin, gamma globulins and life saving coagulation factors. All these blood products are manufactured by processing units run by pharmaceutical industries and no blood bank can do that. All these blood products are extremely useful in the management of critically ill patients. This is supplied by blood bank to manufacturing unit at much lesser rate than its actual cost. Partly this helps the blood bank to minimise the financial loss. All blood banks are regularly inspected and the license is renewed at regular intervals.

It is extremely difficult to run blood bank by NGO like us without the support of the people. Once again we are thankful to our selfless voluntary donors, camp organisers, our staff working day and night without break and our philanthropic donors. We are also thankful to Surat Municipal Corporation for providing the space so that we could develop this state of the art blood bank.

**Dr. Kiran Shah**
**M. D.**
**(Hematologist)**



# From the Desk of the Director

**Where all your donated blood go ?**

My dear blood donors, first I would like to thank you for the great yeoman's service you have been doing for the welfare of the society at large and individuals whose lives have been saved by your donation in particular.

In my previous writings I have written how your's and Surat city's own blood bank i.e. Surat Raktadan Kendra & Research Centre had always been alert in quality improvement of blood and safety of both our voluntary blood donors and recipients who are our patients.

With your gift of blood this blood bank receives more than 30,000 donations per year. There are approximately 300 + thalassemia and sickle cell disease patients who regularly receives blood from this blood bank free of any charge.

There are almost 60,000 + child birth in this city every year . 5-10% i.e. 3000-6000 of these mothers need blood or blood Components during the time of delivery because of various complications.

As total requirement of blood during delivery is to some extent unpredictable some of these mothers bleed very heavily and may require > 5-10 units of blood. Though there are other blood banks in the city. Your blood bank carries a lion's share of that responsibility.

City of Surat can boast of > 500 public and private hospitals, many of them are directed to specialty care i.e. heart, kidney, Neurosurgery, Trauma, Cancer, Orthopedic, Gastroenterology etc. All these hospitals require blood to operate on their patients, stop bleeding and make them better to go home. Surat is an industrial city and also has a very busy road traffic hence Industrial and Road traffic accidents are not un common. Every day there are 4-5 major accidents in an around the city and some of these patients needs blood and blood components. Though Surgery, Gynecology & Obstetrics, Hematology, Gastroenterology, Urology, Oncology are major users of blood. We should not forget our little citizens? Pediatric blood transfusion is itself a specialty for the blood bank as these products needs to be made specially.

Finally I am writing this for you in July a part of "Chaturmas" in our tradition Unfortunately during this time many infections like severe malaria, Leptospirosis, Dengue, Hepatitis etc. visits us and proper management of these patients. sometimes require blood and blood products (Components like platelets). So my dear brother and sister voluntary blood donors. I again thank you on behalf of all the staffs of SRKRC for your very precious gift to all of us and request you to continue your precious donations and be a an ambassador to encourage others to provide this precious gift for your fellow citizens. Jai Hind.

**Prof. (Dr) Kanjaksha Ghosh**
**MD, MNAMS, DNB MRCP (UK),**
**MRCPI, FRCP (Glasg), FRCPath (Lond),**
**FACP (USA), FAMS, FNASc.**
**Director,**
**Surat Raktadan Kendra & Research Centre.**

# સમાચાર

૧. **સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત આયોજિત સ્વૈચ્છિક રક્તદાન શિબિર – તા. ૦૧–૦૪–૨૦૧૮.**






પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન, સુરતના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઇ વસાણી (બિરલા) દ્વારા તેમના જન્મદિન પ્રસંગે રવિવાર તા. ૦૧-૦૪-૨૦૧૮ના રોજ સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, વરાછા ખાતે શતાબ્દિ મહોત્સવ નિમિત્તે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્યનાં રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મા. શ્રી કિશોરભાઇ કાનાણી (કુમાર) એ ઉપસ્થિત રહી તમામ સ્વૈચ્છિક રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં શ્રી ઘનશ્યામભાઇ વસાણીએ ૮૨મી વખત સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાએ ઉપસ્થિત રહી શ્રી ઘનશ્યામભાઇને તેમનાં જન્મદિન પ્રસંગે માનવસેવાનાં આવા ઉમદા કાર્યો કરવા બદલ હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

શિબિરને અંતે ૪૧ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. શિબિરને સફળ બનાવવા માટે સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન, સુરતના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઇ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

૨. **ઑલ સુરત મેમણ એસોસીએશન (અસ્મા) આયોજિત 'સ્વૈચ્છિક રક્તદાન શિબિર' – તા. ૧૧–૦૪–૨૦૧૮**










પ્રતિવર્ષ ૧૧ એપ્રિલ 'મેમણ ડે' ની ઉજવણી નિમિત્તે ઑલ સુરત મેમણ એસોસીએશન (અસ્મા) દ્વારા રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવે છે. આ વર્ષે પણ 'મેમણ ડે' નિમિત્તે બુધવાર, તા. ૧૧-૦૪-૨૦૧૮નાં રોજ મેમણ હૉલ, ચોકબજાર ખાતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ઑલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશનના ઉપપ્રમુખ ઇલ્યાસભા કાપડિયા, ઑલ સુરત મેમણ એસોસીએશન (અસ્મા) ના પ્રમુખ બિલાલભાઇ ટીનવાલા, ઉપપ્રમુખ જુનેદભાઇ છુતાણી, વહાબભાઇ એરો તેમજ સુરત મેમણ સમાજનાં છ જમાતના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે કેન્દ્રના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર વસાવડાએ પોતાની આગવી શૈલીમાં સ્વૈચ્છિક રક્તદાન વિષે પ્રવચન આપી ઉપસ્થિત તમામ લોકોને પ્રાત્સાહિત કર્યા હતા. ઑલ સુરત મેમણ એસોસીએશન (અસ્મા) તરફથી કેન્દ્રના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાને સન્માનિત કર્યા હતા. શિબિરને સફળ બનાવવા માટે ઑલ સુરત મેમણ એસોસીએશન (અસ્મા) નાં સિરાજભાઇ ધાણીવાલા તેમજ તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. જે બદલ કેન્દ્ર તરફથી તેમનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

શિબિરના અંતે ૧૬૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

3. **લાયન્સ ક્લબ ઑફ સુરત મેઇન (લાયન્સ વર્ષ ૨૦૧૭-૨૦૧૮) દ્વારા કેન્દ્રને એનાયત થયેલ એવોર્ડ - તા. ૧૫-૦૪-૨૦૧૮.**



લાયન્સ ક્લબ ઑફ સુરત મેઇન દ્વારા તા. ૧૫-૦૪-૨૦૧૮ના રોજ 'ચાર્ટર ડે' ની ઉજવણીનો કાર્યક્રમ ચેમ્બર ઑફ કોમર્સના સમૃદ્ધિ હૉલ, નાનપુરા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં ક્લબનાં પ્રમુખ શ્રી ઉમેશ પારેખ, સેક્રેટરી શ્રી પ્રણવ મહેતા, અને ટ્રેઝરર શ્રી હેમંત પારેખ વિ. એ પોતાના વક્તવ્યમાં શહેરની વિવિધ સંસ્થાઓએ કરેલ સેવાકીય પ્રવૃત્તિની માહિતિ આપી હતી.

આ પ્રસંગે કેન્દ્રએ સ્વૈચ્છિક રક્તદાન જનજાગૃતિની દિશામાં આપેલ અમૂલ્ય યોગદાન બદલ કેન્દ્રના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાને ડિસ્ટ્રીક્ટ ગવર્નર લા. સંજીવ ગાંધીના હસ્તે 'લાયન્સ વર્ષ ૨૦૧૭-૨૦૧૮'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

(૪) **તા. ૨૨-૪-૨૦૧૮, ધી સુરત પીપલ્સ કો-ઓ. બેંક લિ. ના સ્થાપના દિવસની ઉજવણી**





પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ધી સુરત પીપલ્સ કો.-ઓ. બેંક લિ. ના સ્થાપના દિન નિમિત્તે દયાળજી આશ્રમ, મજુરાગેટ ખાતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંકના પ્રમુખ શ્રી મુકેશભાઇ ગજ્જર, પૂર્વ પ્રમુખ શ્રી નરેન્દ્રભાઇ ગાંધી તથા અન્ય પૂર્વ પ્રમુખશ્રીઓએ હાજર રહી સૌ રક્તદાતાઓને, સ્ટાફના કર્મચારીઓને, સભાસદોને, આમંત્રિત મહેમાનોને બિરદાવ્યા હતાં. કેન્દ્રના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર વસાવડાએ હાજર રહી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતાં. કેન્દ્ર દ્વારા ૩૫૯ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

(૫) **તા. ૨૫-૪-૨૦૧૮, વનિતા વિશ્રામ નર્સિંગ કૉલેજની વિદ્યાર્થીનીઓ કેન્દ્રની મુલાકાતે**






કુ. અર્પણા પટેલ (નર્સિંગ ટ્યુટર) અને કુ. અદિતિ ઉપાધ્યાય (નર્સિંગ ટ્યુટર) ના માર્ગદર્શન હેઠળ વનિતા વિશ્રામ નર્સીંગ કૉલેજની ૨૯ વિદ્યાર્થીનીઓએ કેન્દ્રની મુલાકાત લીધી હતી. કેન્દ્રના વહીવટી અધિકારી શ્રી પરિમલ વ્યાસે રક્તદાન જાગૃતતા, મહિલાઓમાં હિમોગ્લોબીનની ઉણપ તથા તેને દૂર કરવાના ઉપાય, ખોરાકની ટેવ વિ. ઉપર વિદ્યાર્થીનીઓને સમજ આપી હતી. ઉપસ્થિત વિદ્યાર્થીનીઓએ સીરોલોજી, ટી.ટી.આઇ., કોમ્પોનન્ટ, ટેપીંગ વિગેરે વિભાગોનું નિરિક્ષણ કરી માહિતિ મેળવી હતી.

(૬) **તા. ૨૭-૪-૨૦૧૮, PGDMLT ના વિદ્યાર્થીઓને વિદાયમાન...**

કેન્દ્ર સંચાલિત ડૉ. જયા અને ડૉ. હરિવદન શાહ ઇન્સ્ટીટ્યુટ ઑફ એપ્લાઇડ સાયન્સના **PGDMLT** ના વિદ્યાર્થીઓનાં ફેરવેલ પ્રોગ્રામનું આયોજન કૉલેજના વર્ગખંડમાં કરવામાં આવ્યું હતું. કેન્દ્રના ડિરેક્ટર ડૉ. કે. ઘોષ, ડે. ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર વસાવડા, આસી. પ્રાફેસર ડૉ. રીંકુ શુક્લા એ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ તેમના વર્ષ દરમ્યાનના અનુભવો જણાવ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન વહીવટી અધિકારી શ્રી પરિમલ વ્યાસ તથા અન્ય વ્યવસ્થા ઓફિસ મેનેજર શ્રી હેમાંગ દેસાઇ તથા તેમની ટીમે સંભાળી હતી.



(૭) **શ્રી સાલાસર હનુમાન પ્રચાર મંડળ આયોજિત 'સ્વૈચ્છિક રક્તદાન શિબિર'નું આયોજન - તા. ૧૮-૦૫-૨૦૧૮**



પ્રતિવર્ષ શ્રી સાલાસર હનુમાન પ્રચાર મંડળ દ્વારા શહેરમાં રક્તની અછત હોય તે સમય દરમ્યાન સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવે છે. આ વર્ષે પણ મે મહિનામાં રક્તની અછત વર્તાતી હોવાના કારણે તા. ૧૮-૦૫-૨૦૧૮નાં રોજ રાધાકૃષ્ણ ટેક્ષટાઇલ માર્કેટ, રીંગરોડ ખાતે રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રની બ્લડ મોટીવેશન કમિટિના સભ્ય શ્રી માતાદીન કાબરાએ ૧૦૦મી વખત સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. જે બદલ કેન્દ્રનાં જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાએ શ્રી માતાદીનભાઇને 'સેન્ચુરીયન બ્લડ ડોનર'નાં વિશેષ પ્રમાણપત્રનો મોમેન્ટો અર્પણ કરી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં. તેમજ શ્રી સાલાસર હનુમાન પ્રચાર મંડળના તમામ ટ્રસ્ટીઓ તેમજ સભ્યોનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. શિબિરના અંતે ૧૫૫ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.



(૮) **સ્વતંત્ર ગ્રુપ આયોજિત સ્વૈચ્છિક રક્તદાન શિબિર**

**તા. ૦૩-૦૬-૨૦૧૮**



પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ એપ્રિલ-મે માસ દરમ્યાન ઉનાળા વેકેશન તેમજ લગ્નની સીઝનને કારણે શહેરમાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરોના આયોજનો ઓછા પ્રમાણમાં થતા હોવાને કારણે રક્તની તીવ્ર અછત જોવા મળી હતી. આ પરિસ્થિતિને નિવારવા રવિવાર, તા. ૦૩-૦૬-૨૦૧૮નાં રોજ સ્વતંત્ર ગ્રુપ દ્વારા કેન્દ્ર ખાતે રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અડાજણ ગામ, સુરતના રહીશ શ્રી પારસભાઇ પટેલે (ઇન્ડિયન આર્મી, ૧૩ રાષ્ટ્રિય રાઇફલ (RR) શ્રીનગર, જમ્મુ - કાશ્મીર) ૧૧મી વખત સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું. જે બદલ કેન્દ્રના ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. નરેન્દ્ર વસાવડા અને જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાએ પારસભાઇનો હાર્દિક આભાર વ્યક્ત કરી શુભકામના પાઠવી હતી.

રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે સ્વતંત્ર ગ્રુપના શ્રી અંકિત વ્યાસ, શ્રી પ્રિતેશ પટેલ, શ્રી સ્નેહલ પાટીલ તેમજ

તેમનાં ગ્રુપનાં તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. જે બદલ કેન્દ્ર તરફથી તેઓનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

શિબિરના અંતે ૩૪ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

(૯) **તા. ૯-૬-૨૦૧૮, NABH ટીમ દ્વારા ઇન્સ્પેક્શન**

**NABH** ની ટીમ કેન્દ્રના બે દિવસના ઇન્સ્પેક્શન માટે ડૉ. ભરતસિંઘ (દિલ્હી) તથા ડૉ. નિધિ મહેતા (મુંબઇ) પધાર્યા હતાં. કેન્દ્રના દરેક વિભાગોમાં ફરીને જરૂરી ડોક્યુમેન્ટસ્ વિ. નું ચેકીંગ કર્યું હતું. અને કેન્દ્રની કાર્યપધ્ધતિથી સંતોષ વ્યક્ત કર્યો હતો તેમજ કેટલાંક રચનાત્મક સૂચનો પણ કર્યા હતાં.




૧૦) **ખાંડલ વિપ્ર સમાજ આયોજિત સ્વૈચ્છિક રક્તદાન શિબિર - તા. ૧૦-૦૬-૨૦૧૮**

છેલ્લા કેટલાંક વર્ષોથી ખાંડલ વિપ્ર સમાજ દ્વારા નિયમિત રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવે છે. આ વર્ષે રવિવાર, તા. ૧૦-૦૬-૨૦૧૮નાં રોજ ઇન્ટરસીટી હૉલ, પરવત પાટીયા ખાતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રનાં બે દિવસના ઓડિટ ઇન્સપેક્શન માટે આવેલ દિલ્હીનાં ડૉ. ભરતસિંઘ તેમજ મુંબઇના ડૉ. નિધિ મહેતાએ રક્તદાન શિબિરના સ્થળે મુલાકાત લઇ શિબિરનાં આયોજકોની સંપૂર્ણ વ્યવસ્થા તેમજ કેન્દ્રના સ્ટાફની કામગીરીથી પ્રભાવિત થઇ તેમને બિરદાવ્યા હતાં.








આ પ્રસંગે કેન્દ્રનાં જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતાએ ખાંડલ વિપ્ર સમાજનાં શ્રી પરમેશ્વર શર્મા તેમજ તેમની સમગ્ર ટીમનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. શિબિરના અંતે ૧૭૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

(૧૧) **જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલ, સુરતના વિદ્યાર્થીઓની કેન્દ્રની મુલાકાત - તા. ૧૩-૦૬-૨૦૧૮**





જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કુલ, સુરતના શિક્ષકો ડૉ. શ્રુતિ અગ્રવાલ અને શ્રી ગણેશભાઇ પાટીલનાં માર્ગદર્શન હેઠળ **GDGIS** સ્કૂલના વિદ્યાર્થીઓએ બુધવાર, તા. ૧૩-૦૬-૨૦૧૮ના રોજ કેન્દ્રની મુલાકાત લીધી હતી. જેઓને કેન્દ્રના ડૉ. રીંકુ શુક્લાએ બ્લડ બેંકના વિવિધ વિભાગોમાં નિરિક્ષણ કરાવી રક્ત વિષયક માહિતિ આપી હતી.



(૧૨) **તા. ૧૪-૬-૨૦૧૮, વિશ્વ રક્તદાતા દિનની કેન્દ્ર ખાતે ઉજવણી**



૧૪ જૂન - વિશ્વ રક્તદાતા દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી કેન્દ્ર ખાતે કરવામાં આવી હતી. દરેક વિભાગો, રીસેપ્શન વિ. ને શણગારવામાં આવ્યા હતાં. કેન્દ્ર ખાતે સુરત મહાનગર પાલિકાના ડૉ. ચેતન ચોકસી તેમજ SMC ના કર્મચારીઓએ તથા એલાયન્સ ક્લબ્સ ઇન્ટરનેશનલના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઇ ચાહવાળાએ તથા નિયમિત સ્વૈચ્છિક રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતુ. જેનું આર.જે. પ્રતિક્ષા દ્વારા ઇન્ટરવ્યુ લઇ લાઇવ કવરેજ ૯૪.૩ MY FM રેડિયો ઉપરથી પ્રસારણ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર ખાતે કુલ્લે ૪૦ યુનિટ, નવિન ફ્લોરીન ઇન્ટરનેશનલ લિમિટેડ, ઉધના ૯૦ યુનિટ, મહાવીર ઇન્ટરનેશનલ મોડેલ ટાઉન શાખા ૨૦૦ યુનિટ તેમજ ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લિમિટેડ, હજીરા તરફથી ૨૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. કેન્દ્રના ડિરેક્ટર ડૉ. કે. ઘોષ તથા વહીવટી અધિકારી શ્રી પરિમલ વ્યાસ, પી.આર.ઓ. શ્રી નિતેષ મહેતાએ સૌ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને આ ઉમદા કાર્ય માટે બિરદાવ્યા હતા.







(૧૩) **ગુજરાત કક્ષાએ 'વિશ્વ રક્તદાતા દિન' ની ઉજવણી - તા. ૧૪-૬-૨૦૧૮**




૧૪ જૂન - વિશ્વ રક્તદાતા દિન નિમિત્તે ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ઑફ બ્લડ ટ્રાન્સફ્યુઝન (GSCBT), ગુજરાત સ્ટેટ એઇડ્સ કન્ટ્રોલ સોસાયટી (GSACS) દ્વારા, ઇન્ડિયન સોસાયટી ઑફ બ્લડ ટ્રાન્સફ્યુઝન એન્ડ ઇમ્યુનોહિમેટોલોજી (ISBTI) ના ગુજરાત ચેપ્ટરના સહયોગથી સ્ટેટ લેવલ ફેલીસીટેશન કાર્યક્રમનું આયોજન વિશ્વ રક્તદાતા દિને, તા. ૧૪-૬-૨૦૧૮ ના રોજ અમદાવાદ ખાતે ગોઠવવામાં આવ્યું હતું. જેમાં સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટર સાથે સંલગ્ન મહિલા રક્તદાન શિબિર આયોજક તરીકે વનિતા વિશ્રામ કોમર્સ કૉલેજનું સન્માન કૉલેજ વતી તેમના પ્રતિનિધિ આસી. પ્રોફેસર શ્રીમતી ક્રિષ્ણા દેસાઇ (એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર) તથા મહિલા બ્લડ ડોનર શ્રીમતી ધર્મીબેન કેતનભાઇ જરીવાળાનું ડૉ. એચ. જી. કોશીયા સાહેબ (કમિશ્નર, FDCA, ગુજરાત) દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રના જનસંપર્ક અધિકારી શ્રી નિતેષ મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.




(૧૪) **ચુનીલાલ નાથુભાઇ બોડાવાલા ચેરીટેબલ ટ્રસ્ટ અને સી. એન. બોડાવાલા યુથ ક્લબ આયોજિત ૧૪ મો સ્વૈચ્છિક રક્તદાન શિબિર - તા. ૧૭-૦૬-૨૦૧૮**



સી.એન.બોડાવાલા ચેરીટેબલ ટ્રસ્ટ અને સી.એન. બોડાવાલા યુથ ક્લબ દ્વારા રવિવાર, તા. ૧૭-૦૬-૨૦૧૮નાં રોજ દિલીપ-પરેશ હૉલ, નાનપુરા ખાતે ૧૪માં રક્તદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં

# શતક શિબિરાર્થીઓ (એપ્રિલ-૨૦૧૮ થી જૂન-૨૦૧૮)

**૦૩ એપ્રિલ ૨૦૧૮** — ૧૨૦ યુનિટ
**શ્રી બડાગણેશ મંદિર ચેરિટેબલ ટ્રસ્ટ (સૂચિત)**
સુમુલડેરી રોડ

**૧૫ એપ્રિલ ૨૦૧૮** — ૧૨૧ યુનિટ
**અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, કીમ**
શ્રી રવજીભાઇ પટેલ

**૨૨ એપ્રિલ ૨૦૧૮** — ૩૫૯ યુનિટ
**ધી સુરત પીપલ્સ કો-ઓ. બેંક લિ.**
દયાળજી આશ્રમ, મજુરાગેટ
શ્રી નરેન્દ્રભાઇ ગાંધી

**૦૧ મે ૨૦૧૮** — ૨૨૧ યુનિટ
**લાર્સન એન્ડ ટુબ્રો કામદાર યુનિયન**
હજીરા
શ્રી એમ. જી. રાઠોડ

**૧૨ મે ૨૦૧૮** — ૧૨૨ યુનિટ
**અખિલ ભારત ધીમર સમાજ સમૂહ લગ્ન**
સરસાણા
શ્રી યોગેશ ધીમર

**૨૦ મે ૨૦૧૮** — ૧૭૯ યુનિટ
**મહાલક્ષ્મી ગ્રુપ, SMC કોમ્યુનીટી હૉલ**
ઉધના - ખટોદરા
શ્રી તેજસ રાજપૂત

**૧૦ જૂન ૨૦૧૮** — ૧૭૮ યુનિટ
**ખાંડલ વિપ્ર સમાજ**
પુણા કુંભારીયા રોડ
શ્રી પરમેશ્વર શર્મા

**૧૭ જૂન ૨૦૧૮** — ૧૫૦ યુનિટ
**સી.એન. બોડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ અને સી.એન. બોડાવાળા યુથ ક્લબ, નાનપુરા**
શ્રી મનિષ બોડાવાળા

**૨૪ જૂન ૨૦૧૮** — ૨૩૨ યુનિટ
**ચાંલ્લાગલી યુવક મંડળ**
ગોપીપુરા
શ્રી અંકુર શાહ

**૧૧ એપ્રિલ ૨૦૧૮** — ૧૬૫ યુનિટ
**ઓલ સુરત મેમણ એસોસિએશન - અસ્મા ચોકબજાર**
સિરાજ ધાણીવાળા

**૧૮ એપ્રિલ ૨૦૧૮** — ૧૨૦ યુનિટ
**ઇકો શ્રીપાદ ગ્રુપ**
ભટાર
શ્રી દિલીપભાઇ શાહ

**૨૪ એપ્રિલ ૨૦૧૮** — ૨૧૨ યુનિટ
**સંત નિરંકારી મંડળ**
સરિતા સાગર સંકુલ, અડાજણ
શ્રી ઓમકારસિંહ બસરા

**૦૬ મે ૨૦૧૮** — ૨૦૩ યુનિટ
**લોર્ડ ક્રિષ્ના યુથ ક્લબ, મોટાવરાછા**
શ્રી મનુભાઇ બલર
શ્રી નિલેશ પાનસુરિયા

**૧૮ મે ૨૦૧૮** — ૧૫૫ યુનિટ
**શ્રી સાલાસર હનુમાન પ્રચાર મંડળ**
**રીંગરોડ**

**૨૭ મે ૨૦૧૮** — ૧૪૫ યુનિટ
**કારડીયા રાજપૂત યુવા સંઘ**
અમરોલી
શ્રી વિક્રમસિંહ સોલંકી

**૧૪ જૂન ૨૦૧૮** — ૨૦૦ યુનિટ
**મહાવીર ઇન્ટરનેશનલ, મોડલ ટાઉન શાખા**
શ્રી ગણપત ભણશાળી
શ્રી રમેશભાઇ બોહરા

**૨૧ જૂન ૨૦૧૮** — ૨૧૦ યુનિટ
**શ્રી મહેશ મિત્ર મંડળ**
મહેશ્વરી ભવન, સીટીલાઇટ
શ્રી હરીશ કોઠારી

**૨૪ જૂન ૨૦૧૮** — ૧૯૮ યુનિટ
**અખિલ ભારતીય રાવણા-રાજપૂત સમાજ,**
સુરત, પરવત પાટીયા
શ્રી ફતેસિંહ સોલંકી

# સ્વૈચ્છિક રક્તદાન શિબિરોની ઝાંખી

**(એપ્રિલ-૨૦૧૮ થી જૂન-૨૦૧૮)**



શ્રી બડાગણેશ મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ (સૂચિત), સુમુલડેરી રોડ




લોર્ડ ક્રિષ્ના યુથ ક્લબ, મોટાવરાછા




શ્રી અખિલ ભારત ધીવર સમાજ, સરસાણા




શ્રી કારડીયા રાજપૂત મહિલા મંડળ, સુરત



મહાલક્ષ્મી ગ્રુપ, ઉધના



મહાવીર ઇન્ટરનેશનલ મોડલ ટાઉન શાખા




ગુજરાત હાઉસીંગ બોર્ડ મહિલા મંડળ, ડુમસ રોડ

**અખીલ ભારતીય રાવણા રાજપૂત સમાજ સુરત**

આયોજીત રક્તદાન કેમ્પમાં ૨૬૭ યુનિટ એકત્ર થયું





જોન્સ લંગ લેસલ



**રીતેષ સતિષભાઇ રામરખ્યાની**
બી-૩૦૧, સૂર્યરથ એપાર્ટમેન્ટ,
સ્વામીનારાયણ મંદિર રોડ,
અડાજણ, સુરત.
મો. નં. : ૯૯૦૯૨ ૮૦૫૭૫

હું રીતેષ સતિષભાઇ રામરખ્યાની - થેલેસેમિયા મેજર દર્દી. જન્મ - ૧૯૮૪ (ખંભાત), વ્યવસાય : કોમ્પ્યુટર સોફ્ટવેર એન્જીનીયર.

મારા જન્મના ૧૮ મહિના પછી મને થેલેસેમિયા મેજર હોવાની જાણ થઇ. ખંભાત જેવા નાના શહેરમાં બ્લડની ઘણી જ તકલીફ પડતી હતી. ઘણી વખત આણંદ અથવા નડીયાદથી બ્લડ લાવવું પડતું હતું. અને ૧૯૯૭માં બ્લડની તકલીફને લીધે સુરતમાં આવવું પડ્યું. સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરમાં વિનામૂલ્યે લોહી મેળવવાની વ્યવસ્થા ઘણી જ સારી અને સરળ હોવાથી અમોએ કાયમી સુરતમાં જ સ્થાયી થવાનું વિચાર્યું. લોહીની વ્યવસ્થા તેમજ તમામ પ્રકારનાં ટેસ્ટ થઇને લોહી મળતું હોવાથી આજદિન સુધી કોઇપણ જાતની તકલીફ પડી નથી.

લોહીની વખતોવખત સારી સુવિધાને પરિણામે મને મારા શૈક્ષણિક દિવસોમાં ઉત્તરોત્તર સારી પ્રગતિ થતી રહી. પરિણામે ધો. ૧૨ સાયન્સમાં ૭૫% માર્કસ મેળવ્યા. ત્યારબાદ સને ૨૦૧૨માં સાર્વજનિક કૉલેજ ઑફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, સુરત ખાતે એડમીશન મેળવી કોમ્પ્યુટર એન્જીનીયરીંગમાં ૭૦%માર્ક્સ મેળવ્યા. એન્જીનીયર થયા પછી શરૂઆતમાં ચાર વર્ષ નોકરીમાં અનુભવ મેળવ્યા પછી હાલ પોતાની ઓફિસમાં વ્યવસાય કરૂ છું.

મને કોમ્પ્યુટર એન્જીનીયર બનાવવા તેમજ ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટે સૌથી વધુ પ્રોત્સાહન મારા માતા-પિતા તરફથી મળેલ છે. હાલ મારી ઉંમર ૩૪ વર્ષની છે અને મેં મારી સ્વ આવકમાંથી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહન વસાવેલ છે.

મારી ઉપરોક્ત તમામ સફળતાનો ખરો યશ હું સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર અને અતિલક્ષ્મી સેન્ટરને આપુ છું. જેના કારણે હું પગભર બની શક્યો છું. જે બદલ હું ઉપરોક્ત સંસ્થાઓનાં ટ્રસ્ટીઓ તેમજ કર્મચારીગણનો ઋણી છું.

અંતે આપ સૌને એક નમ્ર અપીલ કરૂ છું કે થેલેસેમિયા મેજર જેવા ગંભીર રોગને અટકાવવા માટે આપ જરૂરી ટેસ્ટ કરાવો અને નિયમિત સ્વૈચ્છિક રક્તદાન કરી લોહીની જરૂરીયાતવાળાં દર્દીઓને નવજીવન બક્ષવામાં ઉમદા સહયોગ પ્રદાન કરો.

**DONATE BLOOD - SAVE LIFE**

PEOPLE'S BANK
*in real sense*

# Attractive Rates of Interest on Deposits

| Period | Rate |
|---|---|
| 15 days to 45 days | 4.00% |
| 46 days to 180 days | 5.75% |
| 181 days to 730 days | 7.10% |
| 731 days to 1095 days | 7.25% |
| 1096 days to 1110 days | 7.60% |
| 1112 days to 1825 days | 7.60% |
| 1826 days to 3650 days | 7.00% |
| Vasudhara Tax Planning Scheme (1830 days) | 7.60% |

**SPB NEW YEAR SCHEME - 1111 DAYS 9.00%***

*Conditions apply

- Senior Citizens of age of 60 years & above are entitled to 1.00% additional interest rate for term deposits of above 1 year on fresh / renewal of deposits except "SPB NEW YEAR SCHEME - 1111 DAYS"

<u>Bulk Deposits Rate of Interest for period 366 days & above (w.e.f.28/08/2017)</u>

- 0.10% more interest on Single Term Deposit Receipt of ₹ 15 Lakh & above but below ₹ 1 crore except Co-operative Banks, Trusts, Housing Societies & Credit Societies Deposits and "SPB NEW YEAR SCHEME - 1111 DAYS"
- 0.20% more interest on single Term Deposit Receipt of ₹ 1 Crore & above but below ₹ 5 Crore except Co-operative Banks, Trusts, Housing Societies & Credit Societies Deposits and "SPB NEW YEAR SCHEME - 1111 DAYS"
- 0.30% more interest on single Term Deposit Receipt of ₹ 5 Crore & above except Co-operative Banks, Trusts, Housing Societies & Credit Societies Deposits and "SPB NEW YEAR SCHEME - 1111 DAYS"
- No Interest on Current Deposits.

<u>Bulk Deposits Rate of Interest for Trusts & Housing Societies, Credit Societies & Co-operative Banks (w.e.f. 28.08.2017)</u>

- 1% additional interest on Single Term Deposit Receipt of ₹ 15 Lakh & above except "SPB NEW YEAR SCHEME - 1111 DAYS".

## The Surat People's Co-op. Bank Ltd.

Estd.: 1922 Multi State Scheduled Bank

**Regd./Central Office:** "Vasudhara Bhavan", Timaliyawad, Nanpura, Surat - 395001.
**Tel.:** (+ 91-0261) 246 4621 to 4624 **Fax:** (+ 91-0261) 246 4577 & 4592
**email:** info@spcbl.in **Toll free:** 18002337722 **website:** www.sp